મારો એમ.એ. સુધીનો તમામ અભ્યાસ ભાવનગરથી જ થયો. ક્યારેય વિચાર્યું ન હતું કે નિયતિ વડોદરા સુધી લઈ આવશે. બી.એડ. પૂરું કર્યા બાદ નેટની પરીક્ષા આપી અને જે.આર.એફ. સાથે પાસ કરી. અમુક વિસંગતતાને કારણે ભાવનગર યુનિવર્સિટીમાં નિશ્ચિત સમય મર્યાદામાં પીએચ.ડી. માટે આવેદનપત્ર ભરી શકાયું નહિ. હવે જો બે વર્ષમાં પીએચ.ડી. શરૂ ન થાય તો જુનિયર રીસર્ચ ફેલોશિપ ગુમાવવી પડે. એ સમયે ભાવેશભાઈ દ્વારા જાણવા મળ્યું કે વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા ઓટોનોમસ યુનિવર્સિટી છે અને આ કારણે અહિ વાર્ષિક આવેદનને બદલે વર્ષના કોઈ પણ દિવસથી હું પીએચ.ડીમાં અભ્યાસ શરૂ કરી શકું. આથી મેં વડોદરાની વાટ પકડી. ત્યાં ડૉ. ભરત પંડ્યા સાહેબને મળી. સાહેબ અને હું વ્યક્તિગત બન્ને એક બીજાથી અજાણ. અમને જોડતો એક સેતુ હતો ભાવેશભાઈ અને અશોકભાઈ તો બીજો હતો સૌરાષ્ટ્ર.

સાહેબ સાથે લોકસાહિત્યથી માંડી કથાસાહિત્યના અનેક વિષયો પર સંશોધનની શક્યતા વિશે ચર્ચા થઈ અને અંતે ‘સ્વાતંત્ર્યોતર ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ : એક અભ્યાસ’ વિષય પર મારી તથા મારા માર્ગદરશકની સહમતી થઈ. ધીરે ધીરે સાથી સંશોધક મિત્રો તથા યુનિવર્સિટીના અધ્યાપકોના સહયોગથી મારું સંશોધન કાર્ય શરૂ થયું. આધુનિક સંશોધનમાં પ્રયુક્તિ પર થોડાં ઘણાં સંશોધન થયેલ જોવા મળે છે. પરંતુ મારે જે પ્રયુક્તિને નવલકથાના માધ્યમે તપાસવાની હતી તે સ્વપ્નવાસ્તવ પ્રયુક્તિ પર અપવાદ સિવાય કાર્ય થયું નથી. વળી આ વિષય થોડો મનોવિજ્ઞાન અને માન્યતાઓ સાથે જોડાયેલો એટલે એ ક્ષેત્રની સમજ પણ જરૂરી હતી. સાહિત્યમાં મનોવિજ્ઞાન વિશે ઘણી વાતો થયેલ પણ સ્વપ્નના વિજ્ઞાન વિશે વિસ્તારથી ચર્ચા થઈ નથી. જે સાહિત્ય જ્યાંથી મળે ત્યાંથી પ્રથમ તો એકત્ર કર્યું. જેટલી લાઈબ્રેરી ખુંદી શકાય એટલી ખુંદી. બહુધા સામગ્રી હિન્દી અને અંગ્રેજીમાં મળતી. સંશોધનની ગાડી સ્પીડ પકડે એ પહેલા જ મેં પી.એસ.આઈ.ની પરીક્ષા પાસ કરી અને પી.એસ.આઈ.ની નોકરી સ્વીકારી. બે વર્ષની પોલીસની નોકરી દરમ્યાન સંશોધનમાં થોડાં અંતરાય આવ્યા પણ સંશોધન ધીમી ગતિએ ચાલતું રહ્યું. એવામાં ૨૦૧૮માં જી.પી.એસ.સી.ના પરિણામ જાહેર થયા અને એમાં હું ઉતીર્ણ થઈ. ફરી શિક્ષણના ક્ષેત્ર સાથે જોડાઈ. સંશોધન માટે થોડો અવકાશ મળતા આજે આ કાર્ય પૂર્ણ કરી શકી. અહીં સ્વપ્ન વાસ્તવને સ્પષ્ટ કરી ગુજરાતી નવલકથામાં થયેલ તેના પ્રયોગ વિશે ચર્ચા કરવાનો મારો આશય રહ્યો છે.

હું આ વિષય પર કાર્ય કરી શકીશ એવી શ્રદ્ધા મારા માર્ગદર્શક ડૉ. ભરત પંડ્યા સાહેબે મારા પર મૂકી. આ માટે એમનું ઋણ આભાર માનીને ક્યારેય ચૂકવી શકાશે નહી. છતાં સામાજિક વ્યવહારની શાખે એમનું ઋણ સ્વીકારું છું અને કહું છું કે, 'સદાય આભારી રહીશ'. સાહેબની સાથોસાથ મારા સંશોધન માટે ચિંતિત રહેનાર ગુરુમાતા પ્રીતિબેન અને તેમના સંતાનો ભવદીપ અને નિધિનો પણ આભાર વ્યક્ત કરવો રહ્યો.

ભાવેશભાઈ, અશોકભાઈ, જીજ્ઞાભાભી અને તૃપ્તિ : જો આ પરિવાર ન હોત તો હું વડોદરા પહોંચી હોત કે નહીં એ વિચારવું શક્ય નથી. વડોદરાના શરૂઆતના દિવસો એમના કૌટુંબીક હુંફમાં વીત્યા.

માત્ર આ સંશોધન નહીં પરંતુ જીવનના આવા અનેક સંશોધન વખતે જેમની હૂંફ હંમેશા મળી છે એવા ડૉ. મહેન્દ્રસિંહ પરમાર સાહેબ તો કેમ વિસરે. આ સાથે મારા પથદર્શકમાં હજૂ એક નામ જોડાયેલું છેઃ મોટા ભાઈ શક્તિસિંહ પરમાર.

મને જન્મ આપનાર મારી માતા હંસાબા અને મારામાં પોતાનું સંતાન જોનાર મારા માસી ગુણુબા, આ બન્નેના વિશ્વાસે આ સંશોધન કાર્ય સરળ બનાવ્યું. મારાથી નાની પણ મારી સાથે ચર્ચા કરી મારી 'નાની' બની ગયેલ બહેન ભ્રાંતિએ જ્યારે પણ હું આ સંશોધનમાંથી ફંટાતી ત્યારે મને એ તરફ પ્રવૃત્ત કરવા તેણે સામ, દામ, દંડ, ભેદની નિતિ અપનાવી છે. મારા બન્ને નાના ભાઈઓ હરદીપસિંહ અને નરેન્દ્રસિંહ કે જેમણે મારા સંશોધન અર્થે મારી બની શકે તેટલી મદદ કરવાનો પ્રયત્ન કર્યો છે. સંશોધન દરમ્યાન મારા ભાભી પૂનમબા કે જેમણે મારા આરોગ્યની કાળજી લીધી છે. જ્યારે પણ સંશોધનનો ભાર મન મસ્તિષ્ક પર ચડતો ત્યારે મારી વ્હાલસોયી ભત્રીજીઓ મૈત્રી અને માન્યતાના સ્નેહભર્યા શબ્દોએ મને શાંતિ આપી છે. આ સૌ માટે આભાર શબ્દ ઓછો છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાનો તમામ સ્ટાફ કે જેમણે મને માત્ર મારા માર્ગદર્શકની વિદ્યાર્થીની નહિ પણ સમગ્ર વિભાગની વિદ્યાર્થીની તરીકે સ્વીકારી એવા પ્રો. નીતા ભગત, પ્રો. દીપક રાવલ, પ્રો. ભરત મહેતા, પ્રો. રાજેશ પંડ્યા, પ્રો. પુંડલિક પવાર, ડૉ. કાંતિલાલ માલસતર, ડૉ. દર્શિની દાદાવાલા અને શકીલ કાદરીનો સ્નેહ પૂર્વક આભાર માનું છું.

વડોદરામાં સંશોધકના સહપાઠી કે જેમની સાથે અનેક વિષયોની દીર્ઘ ચર્ચા કરી જ્ઞાનમાં વૃદ્ધિ થઈ એવા મિત્રો, સખા-સહેલીઓ ગુરુબંધુઓ રાજેન્દ્રભાઈ બાંભણિયા, સુશીલાબહેન, મૌલિકાબહેન, યોગેશભાઈ, હેમંતભાઈ, ગિરીશભાઈ, રાજેન્દ્રભાઈ પરમાર, કનુભાઈ, પ્રકાશભાઈ, કોશાબેન, અનિતા, રાઘવ, સૂચી, મનાલી, માનસી, બરખા, જિજ્ઞેશ, ભૂમિનો આ ક્ષણે આભાર માનું છું. મારા સંશોધનની સમસ્યાઓ જેની સાથે ચર્ચી સ્પષ્ટ થઇ છું, મારા સંશોધન કાર્યનો જે પ્રથમથી સાક્ષી રહ્યો છે તે મિત્ર દિલીપને આ તકે સવિશેષ યાદ કરું છું.

હાલ જ્યાં વિદ્યાભ્યાસની પ્રવૃત્તિ સાથે જોડાયેલ છું એ સરકારી વિનયન કોલેજના પ્રિન્સિપાલ સુનિતાબહેન નિમાવત, સાથી અધ્યાપકો પારુલબેન, રાજેન્દ્રભાઈ મોરી, વર્ષાબહેન, મહેશભાઈ, નિકુલભાઈ, પૃથવેન્દ્રભાઈ પૂર્વીબહેન કોઈને કોઈ પ્રકારે મારા સંશોધનમાં મદદરૂપ થયા છે. સુરેશભાઈ સાથે સંસ્કૃત વિષયમાં સ્વપ્ન સંદર્ભે અને ચિરાગભાઈ સાથે અંગ્રેજી વિષયમાં સ્વપ્ન સંદર્ભેની ચર્ચાઓ મારા સંશોધનમાં ઉપયોગી થઈ શકી છે આથી એમનો વિશેષ આભાર માનું છું. એક વર્ષના પ્રિન્સિપાલના ચાર્જ દરમ્યાન મારા બન્ને ક્લાર્ક ભાઈઓ યજ્ઞેશભાઈ, નિરુભાઈ અને વહીવટી જવાબદારીમાં પ્રીતિબહેન મદદરૂપ થયા જેને પરિણામેં હું વહીવટમાંથી બચેલ સમય સંશોધન અર્થે પ્રયોજી શકી. સાથી કર્મચારી યોગભા તથા અશોકભાઈનો પણ આ તકે વિશેષ આભાર માનું છું.

આ શોધનિબંધ મારા સંશોધનનું પ્રથમ પગથિયું છે. સંશોધનની અનેક ક્ષિતિજો હજૂ રાહ જોઈ રહી છે.

સૌનો આભાર.

તારીખઃ ૨૫/૧૨/૨૦૧૯ (નાતાલ) જિજ્ઞાબા અજીતસિંહ રાણા

સ્થળઃ વડોદરા